# પ્રકરણ :–૨

# ''ભૂતકાળમાં થયેલ અભ્યાસોનું વિહંગાવલોકન''

# પ્રકરણ :– ૨

# <u>''ભૂતકાળમાં થયેલ અભ્યાસોનું વિહંગાવલોકન''</u>

**1.** **પ્રસ્તાવના**

**2.** **ભૂતકાળમાં થયેલ અભ્યાસ**

**2.1.** દૈનિક મનોભાર

**2.2.** વિકૃત ચિંતાના અભ્યાસ

**2.3.** લગ્ન સમાયોજનના અભ્યાસો

**3.** **પ્રસ્તુત અભ્યાસ શા માટે ?**

## પ્રકરણ :– ૨

## ''ભૂતકાળમાં થયેલા અભ્યાસોનું વિહંગાવલોકન''

### 1. પરિચય (પ્રસ્તાવના) Introduction.

અભ્યાસોનું પૂર્વાવલોકન એ જે તે વ્યકિતના સંશોધન અભ્યાસ સાથે સંબંધિત સંશોધન અહેવાલનું વાંચન મૂલ્યાંકન અને પોતાના સંશોધનના સંદર્ભમાં તેનું નિરીક્ષણ અને અભિપ્રાય આપવા સાથે સંબંધ ધરાવે છે.

- Brog and Gall P.114

આ વૈજ્ઞાનિક સંશોધનનો એક મહત્વનો હિસ્સો છે. કોઈપણ ક્ષેત્રનું, સાહિત્ય તેના પોતાના ક્ષેત્રમાં પછીના સંશોધન કાર્ય માટે પાયારૂપ બને છે. પૂર્વાવલોકનનાં સામાન્ય હેતુ સંશોધકની પોતાની સમસ્યા પ્રત્યેની દ્રષ્ટિ વિકસાવવાનો અને તે રીતે તેને પોતાના કાર્યમા આગળ વધવામાં મદદ કરવાનો છે. ઉપરાંત આવા અભ્યાસો સંશોધકને પોતાની સમસ્યાની વ્યાખ્યા કે સ્પષ્ટતા કરવામાં અને પોતાના સંશોધનની મર્યાદાને સમજવામાં મદદરૂપ થાય છે. સંશોધન અભ્યાસોને ધ્યાનમાં લેવાથી સંશોધકની દ્રષ્ટિ વિકસે છે. તે પોતાના સંશોધન પ્રત્યે વધુ સ્પષ્ટ અને વૈજ્ઞાનિક બને છે.

### 2. ભૂતકાળમાં થયેલા અભ્યાસો (સંદર્ભ સાહિત્ય)

પ્રસ્તુત સંશોધનની સમસ્યાને ધ્યાનમાં રાખીને શકય તેટલા તેની વધુ નજીકના અભ્યાસો શોધવાનાં પ્રયાસો કર્યા છે. છતાં સંભવ છે કે અપેક્ષા મુજબનું કાર્ય ન થઈ શકયુ હોય સંશોધન સમસ્યાને ધ્યાનમાં રાખતા આ પ્રકારના અભ્યાસોને મુખ્ય ચાર વિભાગમાં દર્શાવી શકાય.

#### 2.1. દૈનિક મનોભારના અભ્યાસો :– Review of daily Hassles

વ્યકિત કોઈ પણ પ્રકારના ક્ષેત્રમાં કામ કરતી હોય અથવા માત્ર ઘરમાં હોય રોજીંદા જીવનમાં તેને મનોભારનો સામનો કરવો પડે છે. અંહી રોજીંદા જીવનમાં મનોભારનો સામનો કરતી પરણિત સ્ત્રીઓના વિવિધ ક્ષેત્રોના અભ્યાસો સંકલિત કર્યા છે.

(1) પ્રસ્તુત અભ્યાસ ફ્રિડ્રમેન – મોરીન એમ.૨૦૦૧–ફ્રાન્સમાં કરવામાં આવ્યો હતો. જેમાં માછીમારની સ્ત્રીઓના કુટુંબના પ્રકાર અને દૈનિક મનોભાર વચ્ચેના સંબંધ અંગેનો અભ્યાસ. આ અભ્યાસમાં નિદર્શ તરીકે ૮૦ સંયુકત કુટુંબની સ્ત્રીઓ અને ૮૦ વિભકત કુટુંબની સ્ત્રીઓનો સમાવેશ થાય છે. સંશોધનના સાધન તરીકે સ્ત્રીઓના વૈયકિતક આધારતુલા, મનોભાર તુલા સામાન્ય સ્વાસ્થ્ય તુલાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેના તારણ સ્વરૂપેઅભ્યાસના આધારે એવુ જોવા મળ્યુ કે સંયુકત કુટુંબમાંથી આવતી સ્ત્રીઓ વધુ દૈનિક મનોભાર અનુભવતી હતી.

(2) પ્રસ્તુત અભ્યાસ વી.વી. લુપાચીવ ૨૦૦૮–જાપાન માં કરવામાં આવ્યો હતો. જેમા માછીમારની પત્નીઓના દૈનિક મનોભારની મનોબળ પર થતી અસરોનો અભ્યાસ છે. આ અભ્યાસમાં નિદર્શ તરીકે ૧૬૦ સ્ત્રીઓનો પુર્ણ સમાવેશ થાય છે. સંશોધનના તારણ સ્વરૂપે લાંબાગાળા સુધી આ સ્ત્રીઓના દૈનિક મનોભારનુ માપન કરવામાં આવેલ પરિણામો દર્શાવે છે કે જે સ્ત્રીઓ નબળુ મનોબળ ધરાવતી હતી તેઓમાં દૈનિક મનોભારનું પ્રમાણ ઊંચુ જોવા મળ્યુ હતું.

(3) પ્રસ્તુત અભ્યાસ ટી.કે. રામકૃષ્ણન ૧૯૯૯ કેરાલા (ભારત) માં કરવામાં આવ્યો હતો. જેમાં માછીમારની અભણ સ્ત્રીઓના દૈનિક મનોભારનો અભ્યાસ કરવામાં આવ્યો છે. સંશોધનના તારણ તરીકે પરીણામ દર્શાવે છે કે, અભણ સ્ત્રીઓ કરતાં ભણેલ સ્ત્રીઓમાં જ્ઞાનના વધારાના લીધે દૈનિક મનોભારને ઉચ્ચ નિર્ણય શકિતથી દૂર કરવાની ક્ષમતા હોય છે.  જેથી તેઓના મનોભારનો આંક નીચો જોવા મળ્યો હતો. જયારે અભણ સ્ત્રીઓમાં મનોભારનો આંક ઊંચો જોવા મળે છે.

(4) પ્રસ્તુત સંશોધન સ્ટોર અને સી.પી.નાયર ધ્વારા (૧૯૯૭)  કરવામાં આવ્યુ હતુ. જેમાં શારીરિક બિમારી ધરાવતા માછીમારના બાળકોની માતાઓના દૈનિક મનોભારનો અભ્યાસ છે. જેના નિદર્શ તરીકે ૮૦ માતાઓને લેવામાં આવી છે. સંશોધનના સાધનોમાં  દૈનિક મનોભાર માપનતુલા – પ્રમાણિત મુલાકાત આત્મ–નિવેદનાત્મક કસોટીનો ઉપયોગ કર્યો છે. જેનાં તારણમાં શારીરિક બીમારી ધરાવતા બાળકોની માતાઓના દૈનિક મનોભાર અને તંદુરસ્ત બાળકોની માતાઓના મનોભારમાં સાર્થક તફાવત જોવા મળે છે.

(5) પ્રસ્તુત સંશોધન ઈનુઈહારા. ટી. (૧૯૯૧)ધ્વારા કરવામાં આવ્યું હતુ. જેમાં ફ્રાન્સ અને જાપાન દેશનાં માછીમારની સ્ત્રીઓના દૈનિક મનોભારનો અભ્યાસ છે. નિદર્શ તરીકે કુલ ૫૦૦ સ્ત્રીઓ લેવામાં આવી છે. જેના સાધન તરીકે દૈનિક મનોભાર તુલાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તારણ દર્શાવે છે કે, બંને દેશની માછીમારની સ્ત્રીના દૈનિક મનોભારનાં પ્રાપ્તાંકો સાર્થક સહસંબંધ જોવા મળે છે.

(6) પ્રસ્તુત સંશોધન કિવક અને કિવક (૧૯૭૯) ધ્વારા કરવામાં આવ્યુ હતુ. જેમાં માલદીવમાં માછીમારની સ્ત્રીઓમાં વર્ગ, વય, બુદ્ધિ, સામાજિક આર્થિક દરજ્જાને નિયંત્રિત કરી દૈનિક મનોભારનો અભ્યાસ કર્યો હતો. જેના નિદર્શ તરીકે ૧૬૦ સ્ત્રીઓનો સમાવેશ થાયછે. પ્રસ્તૃત સંશોધનનું પરિણામ દર્શાવે છે કે, વય, બુદ્ધિ, સામાજિક–આર્થિક દરજ્જાના તફાવતને લીધે દૈનિક મનોભારમાં તફાવત જોવા મળ્યા હતા.

(7) પ્રસ્તુત સંશોધન ગ્રીફ આર્નોલ્ડ (૧૯૮૦) ધ્વારા કરવામાં આવ્યુ હતુ. જેમાં લોકોની કલ્પિત મનોભારયુકત પરિસ્થિતિ તેમને બીજા લોકો કરતાં પોતાની જાતને બહુ દુર

રાખે છે? – તેની ચકાસણી કરી હતી. જેના નિદર્શ તરીકે ૧૦૦ લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમનું તારણ દર્શાવે છે. આંદમાનમાં માછીમારોની પત્નીઓ પર કરવામાં આવેલા આ સંશોધનમાં જોવા મળ્યુ કે જયારે વ્યકિત વધુ મનોભારયુકત પરિસ્થિતિની કલ્પના કરતી હોય ત્યારે તે બીજી વ્યકિતઓથી વધુ અંતર રાખતી જોવા મળી હતી.

**(8)** પ્રસ્તુત સંશોધન સિંઘ (૧૯૮૪) દ્વારા કરવામાં આવ્યુ હતુ. જેમાં સ્ત્રીઓના જીવનમાં તીવ્ર મનોભારનો અનુભવ કરાવતી અગાઉથી કલ્પેલ અને અનુભવેલ ઘટનાઓ વચ્ચેના તફાવતોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જેના તારણ તરીકે ધંધો વ્યવસાય અને કૌટુંબિક ક્ષેત્રમાં અનુભવેલ અને કલ્પેલ મનોભારના પરીણામમાં એવુ જોવા મળ્યું કે મનોભાર અને શારીરિક અસ્વસ્થતાની આગાહી કરતા ચિહ્નો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો.

**(9)** પ્રસ્તુત સંશોધન San cook દ્વારા June 1, 2011 માં કરવામાં આવ્યુ હતુ. જેમાં દૈનિક મનોભાર તનાવના કારણ તરીકે Deaily Hassles as a Cause of Stress દર્શાવવામાં આવ્યું છે. જેના નિદર્શ તરીકે ૪૦ વિદ્યાર્થીઓ લેવામાં આવ્યા હતા. જેનો હેતુ દૈનિક મનોભાર અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેના સંબંધ તપાસવાનો હતો જેના સાધન તરીકે દૈનિક મનોભાર પ્રશ્નાવલિ, હતાશા સંશોધનીકા દ્વારા માપવામાં આવ્યો હતો. સંશોધનના તારણ સ્વરૂપેશાળામાંથી કોલેજમાં આવતા વિદ્યાર્થિઓ પાસે ઉપરોકત બન્ને પ્રશ્નાવલિઓ ભરાવવામાં આવી હતી. પરિણામો દર્શાવે છે કે ૪૦% વિદ્યાર્થિઓ હતાશા તથા ખિન્નતાના લક્ષણોથી પિડાતા હતા. આ સંશોધન દર્શાવે છે કે દૈનિક મનોભાર અને હતાશાના લક્ષણો પરસ્પર સંબંધ ધરાવે છે.

**(10)** પ્રસ્તુત સંશોધન બેરી પોસ્નર અને એલન રાડોલ્ફ (૧૯૮૦) દ્વારા કરવામાં આવ્યુ હતુ. જેમાં હોસ્પિટલનાં બે વ્યવસાયિક જૂથના ભૂમિકા મનોભાર અંગેનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જેના નિદર્શ તરીકે૧૨૪ પરિચારિકા, ૩૧ થેરાપીસ્ટ નો સમાવેશ કરવામાં આવ્યો હતો. સંશોધનના પરિણામો બતાવે છે કે ભૂમિકા મનોભાર અને કાર્યસંતોષવ્યકિતગત સિધ્ધિ તેમજ જૂથ અસરકારકતા વચ્ચે ઋણસંબંધ પ્રવર્તે છે.

**(11)** પ્રસ્તુત સંશોધન જહોન, નોરકોએ, પ્રા. ચાસ્કા અને કેરોલ ડીફલીમેન્ટ(૧૯૮૬) દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં સામાન્ય લોકો અને મનોવૈજ્ઞાનિકોની તીવ્ર મનોભારની પરિસ્થિતિથી મુકત થવા માટેની પરિવર્તનની પ્રક્રિયાનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેના નિદર્શ તરીકે ૨૭૦ સામાન્ય લોકો, ૧૫૮ મનોવૈજ્ઞાનિકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેના તારણ તરીકે સામાન્ય લોકોના નિદર્શના ૮૯% તથા મનોવૈજ્ઞાનિકોના નિદર્શના ૮૨% પાત્રોએ જીવનમાં ઓછામાં ઓછા એક વખત તીવ્ર મનોભારનો અનુભવ કર્યો હતો. સામાન્ય લોકોમાં જાતિ, અભ્યાસ અને અગાઉ લીધેલ

સારવારને અત્યારના મનોભારમાંથી મુકત થવાની પ્રક્રિયા સાથે સંબંધ હતો. તુલનાત્મક વિશ્લેષણથી માલુમ પડયું કે સામાન્ય લોકોની સરખામણીમાં મનોવૈજ્ઞાનિકોએ મનોભારમાંથી મુકત થવાના વ્યૂહ માટે વિવિધ અને વધારે પ્રયુકિતઓ અપનાવી હતી.

## 2.1.1. કાર્યકરતી અને બિન કાર્યકરતી પત્નીઓને લગતા દૈનિક મનોભારના અભ્યાસો.

**(1)** **પ્રસ્તુત સંશોધન** Javiua Vasant : m.phil દ્વારા Yogesh A. Jogson ના માર્ગદર્શન નીચે Rajkot માં કરવામાં આવ્યો હતો. જેમાં Daily Hassles and Psychological Well Being in Working and non-working women. નો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેના નિદર્શ તરીકે ૮૦ સ્ત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેના સાધનો ઠાકુર અને મિશ્રાની (૧૯૯૫) પ્રશ્નાવલિ અને સુધા ભોગલે (૧૯૯૫) પ્રશ્નાવલિ આપવામાં આવેલ હતી, જેની આંકડાશાસ્ત્રીય ગણતરી T-Test હતી. આ અભ્યાસનો મુખ્ય હેતું કાર્યકરતી અને બિન–કાર્ય કરતી સ્ત્રીઓમાં દૈનિક મનોભાર અને મનોવૈજ્ઞાનિક સુખાકારી વચ્ચે શો તફાવત છે તે શોધવાનો હતો. જેના પરિણામો દર્શાવે છે કે દૈનિક મનોભાર તેમજ મનોવૈજ્ઞાનિક સુખાકારીના સંદર્ભમાં કાર્યકરતી કે બિન–કાર્યકરતી મહિલાઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી જયારે દૈનિક મનોભાર અને મનોવૈજ્ઞાનિક સુખાકારી વચ્ચેનો સહસંબંધાક ૦.૭૧ કક્ષાએ વિધાયક સહસંબંધ દર્શાવે છે.

**(2)** **પ્રસ્તુત સંશોધન** Buddhas T. (2005) દ્વારા કરવામાં આવ્યો હતો. જે ખાનગી તેમજ સરકારી હોસ્પીટલમાં કાર્યકરતી પરિચારિકાઓના તનાવનુ સ્તર જાણવા માટે અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેના નિદર્શ તરીકે ૧૦૦ સ્ત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેના સાધનો તરીકે Defenseman O. peceasso અને Hiline O, osin દ્વારા વિકસાવેલ Nursing stress Index" વાપરવામાં આવ્યો હતો.(જે.ડી.ભટ્ટ દ્વારા ગુજરાતીમાં અનુવાદીત કરાયેલ છે.) જેની આંકડાશાસ્ત્રીય ગણતરી T-Test દ્વારા કરવામાં આવી હતી. જેના તારણો તરીકે જોવા મળ્યુ કે બન્ને વચ્ચે મનોભારનું સ્તર ઊંચુ હતું.

**(3)** **પ્રસ્તુત સંશોધન** એમ.એસ. રમીના પદમ્મ (૨૦૦૭) દ્વારા કરવામાં આવ્યો હતો. જેનો અભ્યાસ માછીમારીનું કાર્ય કરતા હોય તેવા પતિ–પત્ની અને માત્ર એક વ્યકિત કાર્ય કરતી હોય તેમના દૈનિક મનોભારનો અભ્યાસ

કરવામા આવ્યો હતો. જેના નિદર્શ તરીકે ૯૦ સ્ત્રીઓનો સમાવેશ કરવામા આવ્યો હતો. જેના તારણો તરીકે અભ્યાસના આધારે એવુ જાણવા મળ્યુ કે એક વ્યકિત કમાતી હોય તેની સરખામણીમાં બન્ને પતિ–પત્ની કમાતા હોય તેનો દૈનિક મનોભાર ઊંચો જોવા મળ્યો તેમજ પતિ કરતા પત્નીનો મનોભાર ઊંચો જોવા મળ્યો હતો.

**(4)** પ્રસ્તુત સંશોધન ફર્નાન્ડીઝ અને શ્રૃર્તિ (૧૯૮૯) સિંગાપુર દ્વારા કરવામાં આવ્યો હતો. જેના અભ્યાસ તરીકે માછીમારની કાર્યકરતી સ્ત્રીઓની ચિંતા અને તારણનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેના નિદર્શ તરીકે ૫૦૦ સ્ત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેના સાધનો તરીકે S.S.Q. M.S.B. Malsachની ચિંતાતુરતાની કસોટી લેવામાં આવી હતી. જેના તારણોનાં પરિણામો દર્શાવે છે કે કુલ નિદર્શના ૭૦% ચિંતાનો અનુભવ કરે છે. જો કે આ ચિંતાની માત્રા અન્ય પરિબળો જેમ કે સમય પાલનમાં દબાણ, કાર્ય શિથિલતા જેવા છે. તેવું જાણવા મળે છે. સામાન્યત : ચિંતા અને તાણ વચ્ચેના સહસંબંધાંક સૂચવે છે કે તાણ એ સામાન્ય રીતે થાક સાથે જોડાયેલ છે.

## 2.2. વિકૃતચિંતાના અભ્યાસો : Rewiew of Anxiety

જુદી જુદી રીતે વ્યકિત વિકૃતચિંતાનો ભોગ બને છે. દરેક વ્યકિતનું ચિંતાતુર બનવાનું વલણ વ્યકિતગત કારણો તેમજ બાહય પરિબળો બન્ને પર આધાર રાખે છે. સામાન્ય ચિંતા કેટલાક કારણોસર વિકૃત ચિંતામાં પરિણમે છે. અહી ચિંતાને લગતા કેટલાક અભ્યાસો ટાંકયા છે.

**(1)** પ્રસ્તુત સંશોધન Saina Eman (2003-2005) દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં Gender Difference in Test Anxiety and level of Examination stress among masters students અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમા નિદર્શ તરીકે ૧૦૦ વિદ્યાર્થીઓ નો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેના સાધનો તરીકે Test Anxiety inventory charts D. Spielberger અને stress Inventory નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં આંકડાશાસ્ત્રીય ગણતરી Mattivaiate test, t-test દ્વારા કરવામાં આવી હતી. જેના તારણો દર્શાવે છે કે, સ્ત્રી ઉમેદવારનો અનુભવ કસોટી ચિંતા આવેગાત્મકતા અને પરીક્ષાલક્ષી તનાવ પુરૂષો કરતા ઉચ્ચ કક્ષાએ સાર્થક જણાયો હતો. ઘટક વિશ્લેષણ દ્વારા ત્રણ ઘટકો Test Anxiety Inventory પર દેખાયા – પિડા, તનાવ, Pessimistic thats. ચાર ઘટકો stress Inventory પર જણાયા – તનાવસહ દેખાવું, વ્યકિતગત આધાર, થાકનુ સ્તર, શારીરિક ખલેલ.

(2) પ્રસ્તુત સંશોધન વેન્ગ–ઝીન્ગીન સુઝીનો. જે ઈનુઈહારા ટી -2005 દ્વારા કરવામા આવ્યુ હતુ. જેમાં આફ્રિકન અને જાપાનીઝ માછીમારની સ્ત્રીઓની સ્થિતિ લક્ષણ ચિંતાનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં નિદર્શ તરીકે ૧૫૦ સ્ત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેના તારણો દર્શાવે છે કે જાપાનીમાં પ્રયોગપાત્રમાં ચિંતાના લક્ષણો અને સ્થિતિની માત્રામાં વિધાયક સહસંબંધ છે.

(3) પ્રસ્તુત સંશોધન ટ્રેલર પ્રાઈસકોની (2000) – ડેઝરટેશન સારાંશ છે જે ઈન્ટરનેશલ વોલ્યુમમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યુ હતું. જેમા માછીમારની સ્ત્રીઓમાં જોવા મળતી ચિંતાના અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેના નિદર્શ તરીકે ૬૦૦ દરિયાઈ–ગ્રામ્ય–શહેરી સ્ત્રીઓને લેવામાં આવી હતી. જેમા ગેરીયેટીક ડિપ્રેશન સ્કેલ અને અફેકટ બેલેન્સ સ્કેલના સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં અભ્યાસનું તારણ દર્શાવે છે કે, દરિયા કિનારે રહેતી ૨૦ થી ૫૦ વર્ષની સ્ત્રીઓ ચિંતાની સારવાર છ અઠવાડીયા સુધી કરાઈ. આ સ્ત્રીઓને ગૃપ સાયકોલોજી થેરાપી દરરોજ ૩૫ મિનીટ સુધી આપવામાં આવતી તેથી સ્ત્રીઓમાં ચિંતાના લક્ષણો ઓછા થતા જોવા મળ્યા.

(4) પ્રસ્તુત સંશોધન રોબર્ટ, આલ્બર્ટ દ્વારા (2004) માલદિવ્ઝ માં કરવામાં આવ્યુ હતુ. જેમાં માછીમારની પરણિત સ્ત્રીઓના સંદર્ભમાં કે જે સંયુકત કે વિભકત કુંટુંબમાં રહેતી હોય તેને અભ્યાસ માટે લેવામાં આવી હતી. જેના નિદર્શ તરીકે ૨૦૦ સ્ત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેના સાધનો તરીકે ગેરેટોટિક ડિપ્રેશન સ્કેલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેના તારણોના અભ્યાસનું પરિણામ એવુ જોવા મળ્યુ કે, સંયુકત કુંટુંબ કરતા વિભકત કુંટુંબમાં રહેનાર સ્ત્રીઓમાં ચિંતાની લાગણી અને ચેતાકિય લક્ષણોનું પ્રમાણ વધારે છે.

(5) પ્રસ્તુત સંશોધન એસ.એસ. ઉપધ્યાય, એન. કે. ચઢ્ઢા અને મંજુભગત (1985) દ્વારા કરવામાં આવ્યુ હતુ. જેના ઉદ્યોગો સાથે સંબંધિત વ્યકિતની વ્યકિતત્વ સમસ્યાઓ અને મનોભાર તથા વિકૃત ચિંતાનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. ઉદ્યોગ સાથે સંબંધિત વ્યકિતની વ્યકિતત્વ સમસ્યાઓનો અભ્યાસ કરવા માટે તેઓએ ૧૦૦ ઉપર અભ્યાસ કર્યો. પ્રાયોગિક કાર્ય પર મનોભાર અને વિકૃત ચિંતાની અસર જોવા મળતી નથી. અભ્યાસમાં જોવા મળ્યુ હતું કે ધ્યાન આપવા યોગ્ય કાર્ય પર મનોભાર અને વિકૃત ચિંતાથી વિપરીત અસર થતી નથી.

(6) પ્રસ્તુત સંશોધન વીધરેલ જુઈલી, લોબકે (1998) દ્વારા કરવામાં આવ્યુ હતુ. જેના અભ્યાસમાં દક્ષિણ કેલીફોર્નિયા યુનિવર્સિટી મનોવિજ્ઞાન ભવન લોસ એન્જીલસ સંયુકત રાષ્ટ્રમા પ્રવર્તતી વિકૃતચિંતા તેના પ્રસરણ, તેના પરિણામો અને તેમની

માનસિક સારવારના મનોવૈજ્ઞાનિક સાહિત્યની એક વ્યાપક રૂપરેખા આંકી સમીક્ષા કરે છે. જેનાં તારણો દર્શાવે છે કે, ચિંતાની સારવાર અંગેના ઔષધિય અભિગમોના વિકલ્પો રૂપે વિશ્રાંતિ, જ્ઞાનાત્મક–વાર્તનિક ઉપચાર,મનોગત્યાત્મક ઉપચાર અને જીવન સમીક્ષા જેવી માનસિક સારવારોની તપાસ કરી છે. શોધખોળ કરી છે. વિકૃતચિંતા સંલગ્ન અનેક સંજોગોની ચર્ચા કરી છે. વિચ્છિન્ન, વિષાદ, વિકૃતભિતી, સામાન્યીકૃત વિકૃતચિંતા, અનિવાર્ય વિચાર દબાણ અને અનિવાર્ય ક્રિયાદબાણ અને આઘાતોત્તર મનોભાર વ્યકિતગત કિસ્સાના ગહન તપાસ આવા વાનપ્રસ્થીની વિકૃતચિંતાની સારવારમાં માનસિક દરમિયાનગીરી અસરકારકતા દર્શાવે છે. વિકૃતચિંતા નિવારણ અને ચિંતાહરણની વિવિધ પ્રવિધીઓની પુસ્તીકાઓની યાદી પણ આપી છે. માનસિક સ્વાસ્થ્ય જોખમાય તો અનેક વિકૃતિઓ થાય છે.

**(7)** પ્રસ્તુત સંશોધન વિલ્સડી. એ.બી., વોર્ટન સી, લૌવ જી.જે. (1998) દ્વારા કરવામાં આવ્યુ હતુ. જેમાં કેપટાઉન વિશ્વવિદ્યાલય ખાતેના તબીબી વિદ્યાર્થીઓના મનોભાર, વિકૃતચિંતા અને શૈક્ષણિક કરણી અંગે અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં ૪૭૧ વિદ્યાર્થિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેનાં તારણો દર્શાવે છે કે, તબીબી વિદ્યાર્થીઓમાં વિકૃત ચિંતા અને મનોભારની માત્રા ઉંચી હોય છે. આમ છોકરા–છોકરી બન્નેના તબીબી ક્ષેત્ર અંગેના મનોભાર અતિ તિવ્ર માત્રામાં જોવા મળેલા. અંગત અને વાતાવરણલક્ષી ઘટકો અંગેના મનોભાર કે બન્ને લીંગ માટે અલ્પથી મધ્યમ માત્રાના હતાં. પણ એમાં બહેનોના સંબંધની બાબતો અંગેના મનોભારકો વધારે રજુ થયેલા વિકૃતચિંતાનાં ઉચ્ચ સ્તરો અને શરીર રચનાશાસ્ત્રની પરીક્ષાના નબળા પરીણામો વચ્ચે પ્રબળ અને સંગીન સહસંબંધ જોવા મળેલો પણ બીજા વર્ષના વિદ્યાર્થીઓની બાબતમાં વિકૃતચિંતા શૈક્ષણિક કરણી વચ્ચે સહસંબંધ હોય છે. પણ તે એટલો પ્રબળ હોતો નથી. વિકૃતચિંતાનો આ અભ્યાસ સૂચવે છે કે વ્યકિતને મનોભારને કારણે વિકૃતચિંતા થાય છે. પ્રસ્તુત સંશોધનમાં પણ આ જ બાબત વિષે વિચારવામાં આવ્યું છે.

**(8)** પ્રસ્તુત સંશોધન સેલગમેન લૌરાડી, ઓલેન્ડીક થામસ એચ. દ્વારા કરવામાં આવ્યુ હતુ. જેના શિર્ષક તરીકે બાળકો અને તરૂણોમાં વિકૃતચિંતા અને ખિન્નતાના મનોરોગનું સહઅસ્તિત્વ–સહવિકારીતા એક સમવયાત્મક સમીક્ષા હતી. જેના સ્ત્રોત બાળ અને પરિવારનું ચિકિત્સા મનોવિજ્ઞાન સમીક્ષા (1998) જૂન–ગ્રંથ 1(2), 125-144 માંથી લીધેલ છે. જેનું પ્રકાશન વર્ષ ૧૯૯૮ માં અંગ્રેજી ભાષમાં આપેલ હતુ. જેની તારીજ તરીકે યુવાનોમાં બંન્ને વિકારોના સહ આચરણના પુષ્કળ દસ્તાવેજી પુરાવા પ્રાપ્ત થાય છે. વળી વિકારની ગંભીરતાં અને ગાળાની દ્રષ્ટિએ સહવિકારીતાની ગંભીર ફલશ્રુતીઓ જોવા મળે છે. અને તેમ છતાં બાળકો અને તરૂણોમાં વિકૃત ચિંતા અને ખિન્નતાના

સહવર્તીના ઉંચા દરનો શો અર્થ થાય તે અંગે બહુજ અલ્પ જાણકારી જોવા મળે છે. ઘણાં સંજોગો અને પરિબળો આ બન્નેના આવા ઉંચા સહવાસ માટે જવાબદાર છે. ખાસ કરીને બન્ને વિકારના લક્ષણોના પરસ્પર આશ્લેષનનું પ્રમાણ પુષ્કળ ઉંચુ હોય જયારે પ્રમાણભૂત એક રોગીષ્ટતા બે ભિન્ન વિકૃતિમાં વહેંચાઈ હોય અને જયારે વિકૃતિઓ સમાન જોખમ સહિયારા પણે ભોગવતી હોય કે તેની મિમાંસા સમાન હોય કે એક વિકાર બીજા વિકાર તરફ દોરી જતો હોય કે બીજાના જાખમને વધારી દેતો હોય ત્યારે બન્ને વિકાર સહવર્તી હોવાની શકયતા વિશેષ છે. પ્રસ્તુત અભ્યાસપત્ર આ વિકારોની આ સંબંધી માહિતીની પરીક્ષા કરવા મથે છે. અને વિકારના સહવર્તીપણાની તપાસ કરે છે.

(9) પ્રસ્તુત સંશોધન માલીસિઝાક કિસ્ટોફ, કેઈના, આંદ્રોજોઈ, ગ્રીઝીઆક દ્વારા કરવામાં આવ્યુ હતુ. જેમા હેમીલ્ટનની વિકૃતચિંતા માપક તુલાની ઘટક રચના કરવામાં આવી હતી. જેના સ્ત્રોત પોલેન્ડ મનોચિકિત્સાનું મુખપત્ર 1998 નવે. ડિસે. અંક 32(6) 771-779 મા હતા (જેનું પ્રકાશન વર્ષ ૧૯૯૮). જેની તારીજ હેમીલ્ટનની ( 1995 ની) વિકૃતચિંતા તુલા વાપરી સંશોધકોએ વિકૃતચિંતા અને ખિન્નતાના રોગની ગંભીરતાનો બહુવિધકેન્દ્રી અભ્યાસ કર્યો હતો. માનવપાત્રો લીધેલા 130 પોલીસપ્રૌઢને પ્રયોગપાત્ર બનાવેલા. (વિકૃતચિંતાવાળા – ઉદ્દ્ગેગી ખિન્નતાવાળા કે નિસ્તેજ વિકારી) ઋગ્ણાલય નિવાસી અંદરના દર્દી અને બહારના દર્દી હતા. ૬ કેન્દ્ર પર રોગની ગંભીરતાની આકારણી કરેલી. વિચરણપૃથકકરણ સમજાવેલું. ૪ કેન્દ્રના ૯૦ દર્દીના પરિવર્ત્યની વારાફરતી ગોઠવણ કરી મુખ્ય ઘટકની આકારણી કરેલી. પરિણામોની ચર્ચા આ માપની પોતાની આકારણી ક્ષમતાના સંદર્ભમાં કરેલી. એ એટલા માટે કે આ તુલા સ્વગત નૈદાનિક તુલા નહોતી. પ્રસ્તુત સશોધનમાં વિકૃતચિંતા માપક તુલામાં ઘટક રચના કરતી વિખતે ખિન્નતાના રોગની સાથે સરખામણી કરી હતી તેવીજ રીતે પ્રસ્તુત અભ્યાસ વિકૃતચિંતાની કસોટી સાથે માનસિક સ્વાસ્થ અને સમાયોજન કસોટી સાથે તુલના કરી છે.

(10) પ્રસ્તુત સંશોધન જોવીક, વાલ્ડામીર, નેઝવીક ગોરા લેસી, તોસ્વેસ્કી દ્વારા કરવામાં આવ્યુ હતુ. જેના સ્ત્રોત 1998 અંક 32(2-3) 224-236 હતો. જેનું શિર્ષક "આઘાતોત્તર મનોભારની ચિકિત્સકી ચિત્રમાં વિકૃતચિંતા અને વિઘટનાત્મક રોગ ચિહ્નો વચ્ચેનો સંબંધ દર્શાવે છે". જેની તારીજ પૂર્વેના યુગોસ્લાવીયામાં યુદ્ધ વખતના વીર યોદ્ધાના સમરાંગણમાં આઘાતોત્તર મનોભારના ચિત્ર અને ભિન્ન પ્રકારના વિકૃત્યાત્મક ઝુમખા વચ્ચેના સંબંધોની તપાસ કરી છે. સરેરાશ ૩૯ વર્ષની વયના ૭૭ શૂરવીરોની નૈ.આ.પુ. ની ધોરણો મુજબ તેમના આઘાતોત્તર મનોવિકારી મનોભારની તપાસ કરેલી અને તે પ્રમાણે તેમની લશ્કરી હોસ્પીટલમાં સારવાર કરેલી. ઉત્તરદાતાની

ઘટના પ્રભાવતુલા ( એમ. જે. હોરોવીટ્ઝરના ૧૯૭૯ ની તુલા પ્રમાણે) મારફત આકારણી કરેલી તેવી જ રીતે યુદ્ધ સંબંધી આઘાતોત્તર મનોભારના મીસીસીપી તુલા મારફત પણ તેમના લક્ષણોની મોઝણી કરેલી. સાથે તેઈનાનો લશ્કરી આવૃતિ મારફત અને વિધર્સ વગેરેના ૧૯૯૧ ની આઘાતોત્તર મનોભારની પકડયાદી મુજબ તપાસ કરેલી. ઘટના પ્રભાવનું (A) એક ઘટક પૃથ્થકરણ ત્રણ ઘટકોનું સમર્થન કરે છે. (૧) દખલ (૨) પરિહરણ (૩) વિઘટન ( B ) આ ઘટકો આઘાતોત્તર મનોભારના ભિન્ન ઝુમખા સાથે ઘનિષ્ટ સહસંબંધ દેખાડે છે. ( C )પરિણામ દેખાડે છે કે સ્મૃતિમાની દખલ માટે મુકાબલના નિદાન બે તંત્રો તો જવાબદાર છે જ (૧) પરિહરણ તે વિકૃત ભિતિરૂપી વર્તન ઘાટને અનુસરે છે અને બીજુ છે વિઘટન તે સર્વાંગી અખિલ સ્તબ્ધતા અને વિઘટનાત્મક રોગ લક્ષણોનું તંત્ર છે. આઘાતોત્તર આઘાત પછી ઉદ્ભવેલો મનોભાર વિકૃતચિંતા ઉત્પન્ન કરે છે. અને અન્ય રોગો સાથે સહસંબંધ હોય છે. પ્રસ્તુત અભ્યાસમાં વિકૃતચિંતા માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન સાથે સંબંધ ધરાવે છે.

**(11)** પ્રસ્તુત સંશોધન રઝાલી એસ. એમ. હસનાહ, સી. જે. અમિનાહ દ્વારા કરવામાં આવ્યુ હતુ. જેના શિર્ષક તરીકે વિકૃતચિંતા અને ખિન્નતાના દર્દીનો ધાર્મિક–સાંસ્કૃતિક સામાજિક માનસોપચાર છે. સંશોધનની તારીજ સામાન્ય મનઃસારવારી અભિગમની તુલનામાં વિકૃતચિંતા અને ખિન્નતાના દર્દીઓની સંભાળમાં અને વ્યવસ્થામાં પ્રબળ ધાર્મિક સામાજિક, સાંસ્કૃતિક, વલણધારી દર્દી અંગે ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક, ઘટકના સમાવેશની અસરકારકતા કેવી છે તે બતાવવાનો આ લેખનો ઉદ્દેશ છે. વિકૃતચિંતાના ૧૦૩ અને ખિન્નતાના ૧૦૦ દર્દીઓ અભ્યાસ માટે પસંદ કરેલા અલબત બન્ને પ્રકારના દર્દી પ્રબળ ધાર્મિક, સાંસ્કૃતિક પાર્શ્વભૂમિ ધરાવતા હતાં આ ઉત્તરદાતાને યર્દચ્છ રીતે બે જૂથમાં વહેંચેલા એકને પ્રાયોગિકને બીજાને નિયંત્રિત જૂથમાં ફાળવેલા મલેશિયાના દ્વિપકલ્પના પૂર્વ કિનારાના આ બધા મુસ્લિમ દર્દી હોય છે. બન્ને જૂથને પોતાની વિકૃતિ મુજબ પ્રમાણિત સારવાર અપાય છે. પરંતુ વધારમાં પ્રાયોગિક જૂથને સામાજિક – સાંસ્કૃતિક – માનસોપચાર પણ અપાય છે. બન્ને પ્રકારના દર્દીને છ મહિના સુધી ચિવટ પૂર્વક અનુસરણ કરવામાં આવે છે. અને બન્નેને જરૂર મુજબ વિકૃતચિંતા માપક તુલા ખિન્નતાની હેમીલ્ટની તુલાથી મોજણી કરવામાં આવે છે. અને તે પણ બેવડી અંધ ઢબ મુજબ જોવા મળે છે. જેના તારણ તરીકેસામાન્ય પરંપરા પ્રમાણેની નિયત સારવાર મેળવતા દર્દી કરતાં વધારાની ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક મનોસારવાર મેળવનારા દર્દી વધારે મળે છે. અને તે પણ સંગીન પણે સાજા નરવા થાય છે. જો કે છ મહિનાને અંતે બન્ને વચ્ચેના સંગીન ભેદનામશેષ થઈ જાય છે એટલે માનસિક સ્વાસ્થ્યના ક્ષેત્રે આ અભ્યાસ આ પ્રકારની સારવાર પ્રત્યે વધુ સંવેદનશીલ બનવા પર ભાર મૂકે છે. માનસિક સ્વસ્થ્યનો અભ્યાસ અનેક અભ્યાસોમાં

સહાયક બને છે તેવીજ રીતે પ્રસ્તુત અભ્યાસમાં માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ દર્દીઓના સમાયોજન અને વિકૃતચિંતા સાથે સહસંબંધ ધરાવે છે કે નહીં તે જોવાનું છે.

## 2.2.1. કાર્યકરતી અને બિન કાર્યકરતી પત્નીઓને લગતા વિકૃતચિંતાના અભ્યાસો.

**(1)** પ્રસ્તુત સંશોધન Amitkumar Bp parmar & Yogesh A. Jogsen દ્વારા કરવામાં આવ્યુ હતુ. જેનું શિર્ષક Anxiety and Social Adjustment among working and non-working women in Rural aria.છે. જેના કુલ ૬૦ નિદર્શ પર Comprihencive Anxiety Test (સિંહા) તથા Social Adjustment Scale of bell સાધનો દ્વારા સહસંબંધાંક પ્રયુકિતનો ઉપયોગ કરવામાં આવ્યો જેનુ તારણ દર્શાવે છે કે, વિકૃતચિંતા તથા સામાજિક સમાયોજનમાં બંન્ને પ્રકારની મહિલાઓ વચ્ચે સાર્થક તફાવત છે. સહસંબંધનું પૃથકકરણ દર્શાવે છે. કે વિકૃતચિંતા અને સામાજિક સંયોજન વચ્ચે નિષેધક સહસંબંધ (-0.11) છે. નિષ્કર્ષો સુચિત કરે છે કે ગ્રામ્ય વિસ્તારોમાં કાર્ય કરતી મહિલાઓમાં વિકૃતચિંતા વધુ અસર કરે છે.

**(2)** પ્રસ્તુત સંશોધન Balvant M. Chhansiya & Yogesh A. Jogson દ્વારા કરવામાં આવ્યુ છે. જેના શિર્ષક તરીકેEgo strength and Anxiety among working and non-working women છે. જેના કુલ ૮૦ નિદર્શ પર Ego Strength Scale (હસન) Anxiety Scale (સિંહા) સાધનો દ્વારા માપન કરવામાં આવ્યું. જેનું તારણ દર્શાવે છે કે, કાર્યકરતી અને બિન–કાર્યકરતી સ્ત્રીઓમાં અહ્‌મ શકિતમાં સાર્થક તફાવત હતો વિકૃત ચિંતાના સ્તરમાં કાર્યકરતી અને બિન કાર્યકરતી મહિલાઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો જયારે વિકૃતચિંતા અને અહ્‌મ શકિત વચ્ચેનો તફાવત સહસંબંધની બાબતમાં સાર્થક જણાયો હતો.

**(3)** પ્રસ્તુત અભ્યાસ N. Kaur, N.Panwar, H. Thind, MI Faroogi ધ્વારા કરવામાં આવ્યો છે. જેમાં કાર્યકરતી અને બિનકાર્યકરતી લગ્ન કરેલી સ્ત્રીઓમાં જીવન સંતોષ પર ચિંતાના પ્રમાણની અસર માપવામાં આવી છે. જેમાં કુલ ૪૫ નિદર્શોનો ઉપયોગ કરવામાં આવેલ છે. જેના સાધન તરીકે Satisfaction with life scale (SWLS – Diener 1985) અને State Trait Anxiety Test નો ઉપયોગ કરવામાં આવેલ છે. જેના પરિણામ દર્શાવે છે કે, કાર્યકરતી અને બિનકાર્યકરતી સ્ત્રીઓના જીવનસંતોષ પર

ચિંતાના સ્તરની કોઈ અસર થાય છે કે નહી તે માટે ઉપરોકત કસોટીઓ ૨૫ થી ૩૬ ના વય જુથને આપવામાં આવી હતી.

## 2.3. લગ્ન સમાયોજનના અભ્યાસો :– Review of marital Adjustment :-

લગ્ન એ એવી સામાજિક વ્યવસ્થા છે જેમાં સ્ત્રી અને પુરૂષ નજીક આવે અને સહજીવન શરૂ કરે છે. તંદુરસ્ત અને સુસંવાદિ સંબંધોથી શારીરિક માનસિક સ્વાસ્થ્ય સારૂ રહે છે. જે સમાજ માટે સારી બાબત છે જયારે લગ્ન જીવનમાં અસંતોષ હોય તેવા તંગ સંબંધો લગ્ન જીવનમાં આવેગિક સમસ્યાઓ અને ભંગાણ સર્જે છે. ખાસ કરીને પત્નીએ સમાયોજનના વધુ પ્રશ્નોનો સામનો કરવાનો રહે છે તે પોતાના સગા–સંબંધીઓને ઘરને છોડીને પતિગૃહે રહેવા આવે છે. તેથી તેના માટે બધુજ નવુ હોય છે. પત્ની તરીકે સમાજ તથા સાસરીયાવાળા તેની પાસે કેટલીક અપેક્ષાઓ રાખે છે. તેમાંથી સમાયોજનના પ્રશ્નો ઉદ્‌ભવે છે. આવા કેટલાક સમાયોજનને લગતા અભ્યાસો અંહી આપ્યા છે.

(1) પ્રસ્તુત અભ્યાસ કે.રોહતગી ધ્વારા ૧૯૮૦ માં કરવામાં આવેલ છે. જેમાં સુખી લગ્ન જીવનમાં અસર કરતા પ્રેરણાત્મક અને વ્યકિતત્વ ઘટકો સંબંધિત અભ્યાસ કરવામાં આવેલ છે. જેમાં કુલ ૩૦૦ પરણિત યુગલ (જોધપુર) નો સમાવેશ કરેલ છે. જેના તારણો દર્શાવે છે કે, ઉચ્ચ સમાયોજન ધરાવતી પત્નીઓ ધાર્મિક, આર્થિક અને કૌટુંબિક પ્રતિષ્ઠાને વધારે મહત્વ આપતી. જયારે નિમ્ન સમાયોજન ધરાવતી પત્નીઓ સ્વાસ્થ્ય અને સતાને વધારે મહત્વ આપતી હતી નિમ્ન સમાયોજન ધરાવતા પતિ–પત્ની કરતા ઉચ્ચ સમાયોજન ધરાવતા પતિ–પત્ની ઓછી ચિંતાવાળા વધુ સલામતિવાળા અને આંર્તમુખી, વધારે બુદ્ધિશાળી ઓછા ગુસ્સાવાળા હતા.

(2) પ્રસ્તુત અભ્યાસ ફીલશીંગર અને ઈરાક માર્ગારેટ ધ્વારા ૧૯૮૩ માં કરવામાં આવેલ છે. જેમાં સામાજિક ચિંતા અને લગ્ન સમાયોજન વચ્ચેનો સંબંધ તપાસવામાં આવેલ છે. જેમાં કુલ ૧૭૯ યુગલો નો નિદર્શ તરીકે સમાવેશ કરવામાં આવેલ હતો. જેના સાધનો તરીકે ડાયડીક સમાયોજન કસોટી–સામાજિક તિરસ્કાર અને હતાશા કસોટી ને લેવામાં આવેલ હતી. જેના તારણો દર્શાવે છે કે, ઉપરોકત કસોટીઓ આપવા ઉપરાંત દરેક યુગલનાં વ્યકિતગત પ્રતિભાવોનું નિરીક્ષણ કરવામાં આવેલ તો પરિણામ એ જોવા મળ્યુ કે લગ્ન સમાયોજન માટેનું મહત્વનું પરિબળ પતિ કે પત્નીનું તેના જીવનસાથી સાથેનો સામાજિક તિરસ્કાર હતો.

(3) પ્રસ્તુત અભ્યાસ મર્શટેઈન અને મેકડોનાલ્ડ ધ્વારા ૧૯૮૩ માં કરવામાં આવેલ હતો. જેમાં "લગ્નજીવનમાં વફાદારી અને આપ–લેનું મહત્વ" તપાસવામાં આવેલ હતુ.

જેમાં કુલ ૪૦ યુગલોનો નિદર્શ તરીકે સમાવેશ કરવામાં આવેલ હતો. જેના તારણો દર્શાવે છે કે, તેમના સંશોધનમાં જોવા મળ્યું કે સમાયોજનમાં આપ–લે નકારાત્મક રીતે જોડાયેલ છે. જયારે વફાદારી હકારાત્મક રીતે જોડાયેલ છે. પતિ–પત્ની વચ્ચેની વ્યકિતગત આપ–લે અને વફાદારીની ગુણવત્તા તેનાં જીવનસાથીની લગ્ન સમાયોજન પર અસરકર્તા હતા.

(4) પ્રસ્તુત અભ્યાસ કુમાર ધ્વારા ૧૯૮૬ માં હાથ ધરવામાં આવેલ હતો. જેમાં સુખ અને લગ્ન સાથે જોડાયેલા કેટલાક પરિબળો ચકાસવામાં આવેલ હતા. જેમાં કુલ ૫૦ શહેરી યુગલોનો સમાવેશ કરવામાં આવેલ હતો. જેના તારણો દર્શાવે છે કે, સ્ત્રીઓ પુરૂષની પસંદગીમાં જાતિય સંતોષ પુરતી સમજણ, લગ્નની સમજણ, વિશ્વાસપણુ, સ્ત્રીઓ પ્રત્યે માન, પ્રેમ અને આકર્ષણને મહત્વ આપે છે. આ બધાજ પરિબળોમાં જાતિય સંતોષ અનેસ્ત્રીઓ પ્રત્યે માનને સુખી લગ્નજીવન માટે સૌથી અગત્યનું દર્શાવેલ છે.

(5) પ્રસ્તુત અભ્યાસ ગીબ્સન, ફ્રેન્કન અને રોલેન્ડ ધ્વારા ૧૯૮૯ માં હાથ ધરવામાં આવેલ હતો. જેમાં સંવેદનની માંગણી અને દાંમ્પત્ય સમાયોજન વચ્ચેનો સંબંધ તપાસવામાં આવેલ હતો. જેમાં કુલ ૭૨ યુગલોનો નિદર્શ તરીકે સમાવેશ કરવામાં આવેલ હતો. જેના સાધનો તરીકે સંવેદના માંગણીઓની કસોટી, દાંમ્પત્ય સમાયોજનમાં સુધારણા કસોટી (ડી. કમ્મલ અને વેન્ડરવીન) ને લેવામાં આવેલ હતી. જેના તારણો દર્શાવે છે કે, જે સ્ત્રીઓની સાંવેદનીક માગણીઓ તેના પતિ કરતા વધારે હતી. તેની તેના દાંમ્પત્ય જીવનના સંતોષ પર નકારાત્મક અસર પડી.

(6) પ્રસ્તુત અભ્યાસ શર્મા અને હુસૈન ધ્વારા ૧૯૯૧ માં હાથ ધરવામાં આવેલ હતો. જેમાં દાંમ્પત્ય સમાયોજનનાં વિકાસમાં વિશ્વાસ અને સામાજિક જોડાણની ભૂમિકાનો અભ્યાસ કરવામાં આવેલ હતો. જેમાં કુલ ૧૦૦ હિન્દુ યુગલ ૧૦૦ મુસ્લિમ યુગલો ને નિર્દશ તરીકે સમાવેશ કરવામાં આવેલ હતો. જેના તારણો દર્શાવે છે કે, અભ્યાસમાં જોવા મળ્યું કે દાંમ્પત્ય સમાયોજનના વિકાસમાં વિશ્વાસ અને સામાજિક જોડાણની ભૂમિકા હકારાત્મક જોવા મળી.

(7) પ્રસ્તુત અભ્યાસ ઉમાદેવી અને રાજેન્દરન ધ્વારા ૧૯૯૪ માં હાથ ધરવામાં આવેલ હતો. જેમાં વ્યવસાય કરતી સ્ત્રીઓમાં દાંમ્પત્ય સમાયોજન અને સામાજિક જોડાણ વચ્ચેનો સંબંધ તપાસવામાં આવેલ હતો. જેમાં ચેન્નાઈ શહેરની કુલ ૧૦૦ વ્યવસાય કરતી સ્ત્રીઓને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવેલ હતી. જેના તારણો દર્શાવે છે કે, દાંમ્પત્ય સમાયોજન અને સામાજિક જોડાણ વચ્ચે હકારાત્મક સંબંધ છે.

## 2.3.1. કાર્ય કરતી અને બિન–કાર્ય કરતી પત્નીઓના અભ્યાસો :–

## Review of working and non-working wives :-

પતી–પત્ની દ્વારા કુટુંબની રચના થાય છે. કુંટુબના પાલન–પોષણ માટે બન્ને પ્રયત્ન કરે છે. સામાન્યતઃ પત્ની ઘરકામ કરતી અને બાળઉછેર કરતી અને પતી કમાવા સાથે સંબંધિત પ્રવૃતિઓ કરતો આ પરંપરાગત ખ્યાલ આજના સમયમાં બદલાતો જાય છે.

આજના યુગમાં સ્ત્રીઓ કે પત્નીઓ ઘરની સાથે સાથે બહારના કાર્ય કે આર્થિક ઉપાર્જન માટે નોકરી વ્યવસાય કે મજુરી કામમાં જોડાય છે. આવી સ્ત્રીઓ ઘરે રહેનારી સ્ત્રીઓ કરતા વધુ હાડમારીનો સામનો કરે છે. તેને ત્રણે મોરચે સમાયોજન સાધવા પ્રયત્ન કરવો પડે છે. આવા કેટલાક અભ્યાસો.

**(1)** પ્રસ્તુત અભ્યાસ N. Hasnain shadab Ahmad Ansari and Shelly Sethi (Jamia Millia Islamia New Delhi) ધ્વારા હાથ ધરવામાં આવેલ હતો. જેમાં Life Setisfaction and self esteem in married and unmarried working woman નો અભ્યાસ કરવામાં આવેલ હતો. જેમાં કુલ ૮૦ સ્ત્રીઓ જેમાં ૪૦ કાર્યકરતી અને ૪૦ બિન કાર્યકરતી તેમજ બંને જુથમાં ૨૦ પરણિત અને ૨૦ અપરણિત સ્ત્રીઓનો સમાવેશ નિદર્શ તરીકે કરવામાં આવેલ હતો. જેમાં આંકડાશાસ્ત્રીય પ્રયુકિતઓ :– Anova નો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેના તારણો દર્શાવે છે કે, વધુ જીવન સંતોષ અને નીચી સ્વ–આદર ભાવના કાર્યકરતી મહિલાઓમાં કાર્ય ન કરતી મહિલાઓની સરખામણીમાં વધુ ઉંચા (સાર્થક) જોવા મળ્યા હતા જયારે પરણિત અને અપરણિત મહીલાઓમાં જીવન સંતોષ અને સ્વ–આદર બંન્નેમાં કોઈ સાર્થક તફાવત જણાયો નહોતો પરીણામ ચર્ચામાં જોઈ શકાય છે કે કાર્ય કરતી મહિલાના કુંટુંબમાં બેવડી આવકના કારણે કુંટુંબની સુખસુવિધામાં વધારો થાય છે તેથી જીવન સંતોષ ઉંચો જોવા મળ્યો જયારે મહિલાની બેવડી ભૂમિકાના કારણો દૈનિક મનોભાર અને તેના લીધે સ્વ–આદરની ભાવનામાં ઓછાપણું જોવા મળ્યું.

**(2)** પ્રસ્તુત અભ્યાસ છાયા યુ. ધ્વારા ૨૦૦૫ માં હાથ ધરવામાં આવેલ હતો. જેમાં ઔધોગિક મનોભાર કાર્યકરતી સ્ત્રીઓમાં કેવા છે તેનો અભ્યાસ કરવામાં આવેલ છે. જેમાં રાજકોટ શહેરની કુલ ૮૦ સ્ત્રીઓને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવેલ હતી. જેના તારણો દર્શાવે છે કે, મનોભારનો અનુભવ સામાન્ય છે. આપણે ત્યારે મનોભાર અનુભવીએ છીએ જયારે વ્યસ્ત હોઈએ

મહત્વની મિટિંગ હોય અથવા ખૂબ ઓછા સમયમાં કાર્ય પૂર્ણ કરવાનું હોય. કાર્ય સ્થળ પ્રાથમિક મનોભારક તરીકે દેખાયુ અને ઘરનો વિસંગત દ્રષ્ટિકોણ ગૌણ જણાયો પોતાની અંગત જરૂરિયાતોને લીધે તેમને વિવિધ ભૂમિકાઓ ભજવવી પડે છે. જે તેનો મનોભાર વધારે છે. તેને લીધે તેમના સ્વાસ્થ્યપર અસર થાય છે. કાર્યસ્થળે જુથબંધીના રાજકારણને લીધે અપરણિત સ્ત્રીઓનો મનોભાર ઉંચો જોવા મળ્યો જયારે પરણિત સ્ત્રીઓમાં પોતાના સમોવડીયા જૂથસાથેના નબળા સંબંધોને લીધે ઉંચો મનોભાર જણાયો.

(3) પ્રસ્તુત અભ્યાસ આર.વી.પિલ્લે, કૃષ્ણમૂર્તિ વેણુગોપાલ – કર્ણાટક ધ્વારા ૧૯૯૧ માં હાથ ધરવામાં આવેલ હતો. જેમાં માછીમારની વ્યવસાય કરતી અને વ્યવસાય ન કરતી પત્નીઓમાં વિકૃતચિંતાના લક્ષણોનો અભ્યાસ કરવામાં આવેલ હતો. જેના તારણો દર્શાવે છે કે, વ્યવસાય કરતી પત્નીઓમાં કુંટુંબની જવાબદારી અને વ્યવસાય સાથેના સંચાલનની જવાબદારીમાં વિકૃતચિંતાના લક્ષણોનું પ્રમાણ ઉંચું જોવા મળે છે.

(4) પ્રસ્તુત અભ્યાસ એમ.એસ.રમીના પદમ્મ્ ધ્વારા ૨૦૦૭ માં હાથ ધરવામાં આવેલ હતો. જેમાં માછીમારીનું કાર્ય પતિ–પત્ની બન્ને કરતા હોય અને માત્ર એક વ્યકિત કાર્ય કરતી હોય તેમનો મનોભારનો અભ્યાસ કરવામાં આવેલ છે. જેમાં કુલ ૯૦ દંપતીનો સમાવેશ નિદર્શ તરીકે કરવામાં આવેલ છે. જેના તારણો દર્શાવે છે કે, એક વ્યકિત કમાતી હોય તેની સરખામણીમાં બન્ને પતિ–પત્ની કમાતા હોય તેનો દૈનિક મનોભાર ઉંચો જોવા મળ્યો.

(5) પ્રસ્તુત અભ્યાસ ચૌહાણ વી. ધ્વારા ૨૦૦૫ માં હાથ ધરવામાં આવેલ હતો. જેમાં ડોકટર, ઈજનેર, અધ્યાપક અને વહીવટી નોકરી કરતાં પુરૂષોની કાર્યકરતી અને બિનકાર્યકરતી પત્નીઓની અસલામતીની ભાવના અંગેનો અભ્યાસ કરવામાં આવેલ છે. જેમાં ૧૬૦ – ૨૫ થી ૪૫ની ઉંમર ધરાવતી, ઓછામાં ઓછું સ્નાતક કક્ષાનું શિક્ષણ ધરાવતી મધ્યમ વર્ગિય સ્ત્રીઓનો નિદર્શ તરીકે સમાવેશ કરવામાં આવેલ છે. જેના તારણો દર્શાવે છે કે, પરણિત અને કાર્યકરતી સ્ત્રીઓ બિન કાર્યકરતી પરણિત મહિલાઓની સરખામણીમાં વધુ સલામતી અનુભવતી હોય છે. તેમાય ડોકટર, ઈજનેર કે અન્ય ઉંચી કક્ષાની કામગીરી કરતી મહીલાઓ વધુ સલામતીની ભાવના ધરાવતી હતી.

(6) પ્રસ્તુત અભ્યાસ ગુપ્તા એસ. ધ્વારા ૨૦૦૫ માં હાથ ધરવામાં આવેલ હતો. જેમાં કાર્ય કરતી અને બિન કાર્યકરતી સ્ત્રીઓના લગ્ન સમાયોજન અને તંદુરસ્તી અંગેનો અભ્યાસ કરવામાં આવેલ છે. જેમાં કુલ ૮૦ સ્ત્રીઓ જેમાં

૪૦ કલાર્ક અને ૪૦ ગૃહિણીઓ ૩૫ થી ૪૫ વર્ષની વયજુથ ધરાવતી મધ્યમવર્ગિય પરિવારમાંથી આવતી સ્ત્રીઓને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવેલ છે. જેના તારણો દર્શાવે છે કે, કાર્યકરતી સ્ત્રીઓની સરખામણીએ બિન કાર્યકરતી સ્ત્રીઓનું લગ્ન સમાયોજન જાતીય, સામાજિક અને આવેગિક દ્રષ્ટિએ વધુ સારૂ હતુ.

(7) પ્રસ્તુત અભ્યાસ મીશ્રા એસ. ધ્વારા ૨૦૦૫ માં હાથ ધરવામાં આવેલ હતો. જેમાં મનોભારજનક અનુભવોને પહોંચીવળવાની સ્ત્રીઓની શૈલી અંગેનો અભ્યાસ કરવામાં આવેલ છે. જેમા કુલ ૧૦૦ સ્ત્રીઓ : ૫૦ કાર્યકરતી ૫૦ બિન કાર્યકરતી સ્ત્રીઓનો સમાવેશ નિદર્શ તરીકે કરવામાં આવેલ છે. જેના તારણો દર્શાવે છે કે, મનોભારના વિવિધ ક્ષેત્રો પ્રમાણે તેનો સામનો કરવાની શૈલીમાં વિવિધતા જોવા મળી હતી.

(8) પ્રસ્તુત અભ્યાસ Lakhe A. ધ્વારા ૨૦૦૩ માં હાથ ધરવામાં આવેલ હતો. જેમાં તરૂણોનાં સંપૂર્ણ સમાયોજનના સ્તરનો કાર્યકરતી કે બિન કાર્યકરતી માતાના સંદર્ભમાં સંબંધ તપાસવા માટે અભ્યાસ કરાયો છે. જેમાં કુલ ૫૦૦ (૨૫૦ + ૨૫૦) તરૂણોની કાર્યકરતી અને બિન કાર્યકરતી માતાઓનો સમાવેશ નિદર્શ તરીકે કરવામાં આવેલ છે. જેના તારણો દર્શાવે છે કે, જેમની માતા કાર્ય કરતી હતી તેવા તરૂણો આવેગિક સમાયોજન ઘણુ સારૂ દર્શાવી શકયા સંપુર્ણ સમાયોજનનુ સ્તર તેઓનું સારૂ હતુ.

## 3. પ્રસ્તુત અભ્યાસ શા માટે ? ::–

ભારતમાં સ્ત્રીઓની સ્થિતી જુદા જુદા સમયે જુદી જુદી રહી છે તેના સામાજિક સ્થાન અને ભૂમિકામાં સતત પરિવર્તન આવતુ રહયુ છે. વૈદિકકાળમાં સ્ત્રીઓને શિક્ષણનું સ્વાતંત્ર્ય હતુ ગાર્ગી અને અપાલા ઘોષા જેવી વિદુષિ સ્ત્રીઓ તેનુ ઉદાહરણ છે. ધીરે ધીરે સમાજમાં અને ધર્મમાં વિવિધ દુષણો પ્રવેશતા ગયા જેનો સૌથી વધુ ભોગ સ્ત્રીઓ બની અને સમાજમાં દહેજ, દૂધપીતી કરવાનો રિવાજ, બાળ લગ્ન અને વિધવાની પુનઃલગ્ન ન કરવા. ઘરબહાર જવાની લગભગ સ્ત્રીઓને છુટછાટ હતી નહી તેથી તેમના કૌશલ્યો બહુ મર્યાદિત રહેતા. એટલુ જ નહી તેમને કોઈ સંજોગો એવા ઉભા થાય તો તેને પહોંચી વળવાની ખુબ મુશ્કેલી પડતી હોવાથી તેની પુરૂષ પરની આધિનતા વધી. ભારતમાં અંગ્રેજી કેળવણી અને શિક્ષણ દાખલ થતા તેની કેટલીક સારી અસરો થઈ. વાત તે પહેલા થયેલા સુધારણા આંદોલનોમા રાજારામમોહન રાય, મદનમોહન માલવીયા, ડી.કે.કર્વે જેવા મહાનુભાવોએ સ્ત્રીઓની સ્થિતી સુધારવા પર જ ભાર મુકયો. તેના પરિણામ સ્વરૂપે આધુનિક સ્ત્રી સ્વાતંત્ર્યનો પાયો નંખાયો. દરેક ક્ષેત્રે ધીરે ધીરે સ્ત્રીઓએ પ્રવેશ કર્યો આમ, છતા ભારતીય સમાજમાં સ્ત્રીઓ મોટે ભાગે પોતાનો સંસાર વસાવે છે, તેને લગ્ન કરવા પડે છે. અથવા સામાજિક રિવાજો મુજબ છોકરીઓ કુંવારી ન રહે તેવુ માતા–પિતા ખુદ ઈચ્છે છે. આ બાબતો ધ્યાનમાં લઈએ તો સ્ત્રીએ પત્નીની ભૂમિકા ભજવવા તૈયાર થવુ પડે છે.

ભારતમાં ૧૯૫૫ ના હિંદુ લગ્નના કાયદા વડે એકસાથી લગ્નનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પતિ–પત્નીના અને માતા–પિતાના સંબંધો અન્ય સામાજિક સંબંધ કરતા વધુ પ્રમાણમાં સ્થાયી અને નિશ્ચિત હોય છે. તે પતિ અથવા પત્ની અથવા સંતાનની ઈચ્છામાત્રથી ફોક થઈ જતા નથી. પતિપત્ની એક–બીજાની તેમજ તેમના સંતાનની વર્તણુકને પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે વિવેકી, સહિષ્ણુ અને સદભાવપૂર્ણ બનાવી સામાજિક ધોરણો અને રિવાજો મુજબ વર્તવાની ફરજ પાડે છે.

લગ્નબાદ સ્ત્રીની ભૂમિકા અને કાર્યક્ષેત્ર બદલાઈ જાય છે. સમાજના રિવાજો મુજબ લગ્ન પછી સ્ત્રીની કૌટુંબિક જવાબદારીઓ પિતૃપ્રધાન કુંટુંબ વ્યવસ્થાવાળા સમાજોમાં તેના પતિના કુંટુંબ પ્રત્યેની જવાબદારીઓ બની જતી હોય છે. તેની સાથેના જાતીય સંબંધોનો હક માત્ર તેના પતિનો જ રહે છે. તેમજ તેના સંતાનો ઉપરનો હક પણ તેના પતી અથવા પતિના કુંટુબીજનોનો જ હોય છે.

આધુનિક સમયમાં લગ્નજીવનના વિવિધ હેતુઓને પહોંચી વળવા માટે ખાસ કરીને મોંઘવારી માં આર્થિક પાસાને ધ્યાનમાં રાખીને સ્ત્રીઓએ કાર્ય કરવુ પડે છે. તેથી સમાજમાં સ્ત્રીઓના બે વર્ગો પડી જાય છે, (૧) બિન કાર્ય કરતી પત્નીઓ અને (૨) કાર્ય કરતી પત્નીઓ.

## 3.1. બિનકાર્યકરતી પત્નીઓ

બિનકાર્યકરતી મહિલાઓ કે જે પત્ની તરીકેની ભૂમિકા ભજવે છે તે પોતે બીજાની સગવડો સાચવવામાં તેમજ બાળકો અને પતિને સમયસર જે તે બાબતોની જરૂરીયાતો પુરી કરવામાં પોતાની જાતને વ્યસ્ત અનુભવે છે અને કેટલીકવાર એવુ અનુભવે છે કે પોતાની જીંદગી જેવુ કશુ છે જ નહીં પોતે સતત બીજાના માટે જ દોડતી રહે છે. છતાં કયારેક તે અન્ય કામકાજી મહિલાની સરખામણીમાં પોતાની જાત ઉતરતી છે તેવુ અનુભવે છે અને આર્થિક ફાળો ન હોવાથી કયારેક તેને ઘરના સભ્યો તરફથી પણ આ પ્રકારનુ સાંભળવાનુ રહેતુ હોય તો તે ચિંતાની લાગણીથી ઘેરાય છે. કેટલીક મહિલાઓ તો નોકરી કે વ્યવાસાયમાં જ એટલે જોડાય છે કે આવી સતત સરખામણી ન થાય અને તેને સાંભળવુ ન પડે. આમ છતા ગૃહિણીની ફરજ બજાવનારી મહિલાનો વર્ગ ઘણો મોટો છે અને તેની પણ કેટલીક અંગત સમસ્યાઓ છે જેનો અભ્યાસ કરવા માટે પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

## 3.2. કાર્યકરતી પત્નીઓ

કાર્યકરતી પત્નીઓમાં દિનપ્રતિદિન વધારો થઈ રહયો છે. છતા આજના સમયમાં કાર્યકરતી પત્નીઓ અંગે ખુબ જ ઓછા અભ્યાસો થયા છે. તેથી પ્રસ્તુત અભ્યાસ કરવાનો પ્રયાસ કર્યો છે.

**કાર્યકરતી મહિલાઓમા વધારો થવાના કારણો :–**

**(૧) પુરૂષોનુ સ્થળાંતર :–**

પુરૂષો કોઈ કારણસર પોતાનુ વતન છોડી બહાર ગયા હોય. પહેલાના સમયમા શિક્ષણ માટે, યુધ્ધ માટે, નોકરી વ્યવાસય અર્થે પુરૂષો સ્થળાંતર કરે તો, સ્ત્રીએ પત્ની તરીકે ઘરની જવાબદારી વહન કરવા કાર્યમાં જોતરાવુ પડતુ.

**(૨) આર્થિક જરૂરિયાત :–**

કુદકેને ભૂસકે વધતી મોંઘવારીને પહોંચી વળવા તેમજ નવી નવી જરૂરિયાતોને પુરી કરવા પુરૂષોની એકની કમાણી પૂરતી ન થાય ત્યારે પત્નીઓ કાર્ય કરવાનું પસંદ કરે છે.

**(૩) વિધવા, ત્યકતાએ પગભર થવા માટે :–**

સ્ત્રી શિક્ષણનું પ્રમાણ વધવાથી જયારે કોઈ સ્ત્રી કોઈ કારણસર પુરૂષથી છુટી પડે છે કે રહે છે ત્યારે આર્થિક રીતે પગભર થવા માટે તે કામ કરવાનું પસંદ કરે છે.

**(૪) શોખ માટે :–**

કેટલીક મહિલાઓ પોતાના શોખને પોષવા અથવા પોતાના ફાજલ સમયનો યોગ્ય ઉપયોગ કરવા માટે કે આર્થિક સ્વાતંત્ર્ય મેળવવા માટે જો લાયકાત હોય તો સારી નોકરી કે ધંધો કરવાનુ પસંદ કરે છે. અમુક સ્ત્રીઓ મહત્વાકાંક્ષી હોય છે તેથી સમાજમાં પોતાની અલગ ઓળખ ઉભી કરવા માટે કે સમાજમાં નિશ્ચિત સ્થાન બનાવવા માટે ધંધા રોજગારમાં જોડાય છે.

**કાર્યકરતી સ્ત્રીઓની સમસ્યા :–**

**(૧) બેવડી જવાબદારી :–**

પત્ની તરીકે તેમજ માતા અને પુત્રવધુ તરીકેની જવાબદારી ઉપરાંત જે વ્યવસાયી મહિલા છે તે કર્મચારીની ભૂમિકા ભજવે છે જેમા તેને બન્ને ભૂમિકાઓ વચ્ચે સમતુલા જાળવવી પડે છે.

**(૨) લગ્નજીવન પર અસર :–**

કામકાજી પત્નીના કાર્યની તેના કુંટુબીજનોને અસર થાય તેના કરતા તેના પોતાના અંગત જીવન કે લગ્નજીવન પર વધુ અસર થાય છે. પતિની સાથે તેને અમુક રીતે સમાધાન કરવુ, તેમાં પતિનો સાથ સહકાર મળે કે પતિ પોતે તેનુ સંચાલન કરે તે બાબતને લઈને ઘણી વખત અંગત જીવનમા ખટરાગ ઉત્પન્ન થાય છે.

(૩) **વહેલા મોડા ઘરે આવવાની સમસ્યા :–**

કાર્યકરતી પત્નીઓએ કામકાજના કારણે કેટલીકવાર વહેલા કે મોડા આવવાનુ થાય છે તેનાથી ઘરના સભ્યોના જીવનને અસર થાય છે. બધાની ખાવાપીવાની ટેવોમાં ફેરફાર કરવો પડે છે. સ્ત્રીએ પોતે પોતાના માટે સમય ફાળવવો મુશ્કેલ બને છે. તેમાંય જો બહારગામ અપ–ડાઉન કરવાનુ હોય તો વાહનની ઉપલબ્ધીની વધારાની મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ઘણીવાર વ્યવસાય એ પ્રકારનો હોય કે જયાં વધારાના કલાકો કામ કરવાનું હોય.

**કાર્યકરતી મહિલાઓ પ્રત્યેની દ્રષ્ટિ :–**

કામ કરતી મહિલાઓ પ્રત્યે આધુનિક સમાજ જુદી જ નજર રાખે છે. કામકાજના સ્થળે બેકારીના કારણે પુરૂષો એવુ માને છે કે સ્ત્રીઓ તેમની ધંધાની તકો ઓછી કરનાર ઘટક છે તેથી તેની અવગણના થાય છે. કેટલીક સ્ત્રીઓ પણ પગાર કે વેતન લેતી હોવાથી તેના પ્રત્યેની સ્ત્રી દાક્ષિણ્યની ભાવનાને ભૂલી જાય છે અને કેટલીકવાર તેનુ શોષણ કરે છે.

અમુક સ્થળોએ મહિલા હોવાના કારણથી જ તેને વેતન ઓછુ ચુકવાય છે વધારાના કાર્ય માટે કંઈ અપાતુ નથી કે પુરતી સુવિધાઓ અપાતી નથી. છુટા કરવા પડે એમ હોય તો પહેલા મહિલા કર્મચારી ને જ છુટા કરવામાં આવે છે.

કેટલાક એકમો તો એવા છે સ્ત્રીઓને મેટરનીટી લીવ આપવી પડશે તેવા ડર માત્રથી તેની જગ્યાએ પુરૂષોને જ લેવાનુ પસંદ કરે છે. તેઓ ભૂલી જાય છે કે બાળક એ માત્ર સ્ત્રીની જ નહી સંપુર્ણ સમાજની જવાબદારી છે.